HALAI MUSLIM KHATRI TRUST
A Team with Many Hands Devoted for Education

હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ મુખપત્ર

# ટાઈમ્સ ઓફ ખત્રી

Times of Khatri માસિક

હાલાઈ મુસ્લિમ ખત્રી સમાજની સેવાર્થે ● આ માસિક પત્રિકાને રાજદ્વારી બાબતો સાથે કશો જ સંબંધ નથી. ફકત સમાજિક સેવાનો ધ્યેય છે.

વર્ષ-૧૦ અંક-૨ સળંગ અંક-૯૪ માહે-શાબાન હિજરી-૧૪૪૬ ફેબ્રુઆરી-૨૦૨૫

તંત્રી : રફીક અબુબકર છાટબાર For abroad: £ 10 વાર્ષિક લવાજમ રૂા. ૧૨૦/-

## બુરખાને બુરખાની જરૂરત છે!

રજૂઆતઃ મોહમદ હુસૈન ધડા, પોરબંદર

બુરખો (હિજાબ) ઈસ્લામી તહેઝીબ અને મર્યાદાની નિશાની છે. અલ્હમ્દુલીલ્લાહ, એ ખૂબ જ મસર્રતની વાત છે કે આજના દોરમાં બુરખો માત્ર આધેડ કે બુઝુર્ગ મહિલાઓ જ પહેરે છે એવું નથી રહયું. યુવા દિકરીઓ આજે બુરખો ખુશીથી સ્વેચ્છાએ અને કોઇ દબાવ વગર અખત્યાર કરી રહી છે. લેખકનું વ્યક્તિગત મંતવ્ય છે કે પરદો એ માત્ર ઔરત માટે જ નથી, મર્દ માટે પણ એટલો જ જરૂરી છે. ફર્ક એટલો કે મર્દ એ આંખનો પરદો રાખવો જોઇએ. આજથી અમુક વર્ષ અગાઉ એવું જોવા મળતું હતું કે મહિલાઓ આધેડ વયની ઉંમર થયા બાદ બુરખો અખત્યાર કરતી, તો કેટલીક મહિલાઓ શાદી થયા બાદ બુરખો અખત્યાર કરતીબ

છેલ્લા એક બે દસકાથી ઈલ્મ અને ખાસ કરીને દિની ઈલ્મ અંગે જાગૃતિ અને ઈલ્મનો વધારો થયા બાદ એ ચલણ ઘટતું જોવા મળ્યું અને યુવા કન્યાઓ યુવા વયે જ બુરખો અખત્યાર કરતી થઇ. એથીય આગળ કહીએ તો આજનો યુવાન પણ નાની ઉંમરમાં ચેહરા પર સુન્નતે રસૂલ રાખીને ચેહરાની રોનક વધારવાનું પસંદ કરવા લાગ્યો છે.

આ તો થઇ સકારાત્મક બાજુની વાત. હવે પછી લેખક જે વર્ણવવા જઇ રહયા છે તે અતિ ગંભીર અને ચિંતાજનક બાબત છે. સમયસર એ બાબત ઉપર ગહન વિચાર અને રોક નહીં થાય તો ભવિષ્યમાં આ સારા કામની નકારાત્મક અસરો જોવાનો વારો આવી શકે છે. જો કે આ સઘળા અવલોકન અને મંતવ્યો લેખકના વ્યક્તિગત છે. એ જરૂરી નથી કે લેખકના આ અવલોકન સાથે દરેક વાંચક સહમત હોય. ઔરતોની ઝેબો ઝીનતનું પ્રદર્શન તદ્દન ખીલાફે ઈસ્લામ અને બદમઝહબનું અનુસરણ છે. બુરખો ઔરતને બદનજરથી બચવા માટે છે નહીં કે પરમર્દની નઝરોમાં આર્કષક બનવા માટે. બરુખો મર્યાદા અને હયાનું દ્રષ્ટાંત છે નહીં કે સુંદરતાની પ્રશંસા મેળવવાનું સાધન. બુરખો બંધન નથી, બુરાઈનો નાશ છે. બુરખો ઝુલ્મ નહી બલ્કે ઔરતની અસલ ઝીનત છે. પરંતુ અત્યંત દુઃખ સાથે લખવું પડે છે કે આજે બુરખાને અલગ વ્યાખ્યા આપી દેવામાં આવી છે. અહીં એવું અર્થઘટન હરગીઝ નહીં કરવું કે સાર્વત્રિક એવું જ છે. પરંતુ જયાં જયાં એવું છે ત્યાં ખૂબ જ ચિંતાજનક છે. આજે બુરખા પણ વિવિધ સ્ટાઈલિશ બનવા લાગ્યા છે. પેટર્ન સાથે પણ વાંધો ન હોઈ શકે પરંતુ જે બુરખા શારીરિક શ્રોષ્ઠવનું જાહેર પ્રદર્શન કરતા હોય એ પ્રકારના પહેરવામાં આવે કે જેનાથી પરાયા મર્દોની નજરમાં આકર્ષણનું કેન્દ્ર અને ચર્ચાનો વિષય બને તો એ ચોકકસ વાંધાજનક અને ચિંતાનો વિષય છે. જો બુરખો ઈસ્લામ અને શરીયતે મુહમ્મદિના પાલન માટે પહેરવામાં આવતો હોય, મર્યાદામાં રહેવા માટે પહેરવામાં આવતો હોય તો એ બુરખા થકી જિસ્માની અને રૂહાની પરહેઝ આપોઆપ છલકતા હોય અને એ જ ઔરતની અસલ ઝૈબો ઝીનત બની જાય છે. અને જો બુરખો અંગ પ્રદર્શન, શારીરિક આકર્ષણ અને બીજાની નજરોને આકર્ષિત કરવાના એક સાધન રૂપે પહેરવામાં આવતો હોય તો એ બુરખો નથી, એ માત્ર દુનિયાની ફેશન છે. આ બાબત ખૂબ ગૌર વ ફિક્રની જરૂર છે. યુવા કન્યાઓ સ્વેચ્છાએ બુરખો ધારણ કરે એ તેણીના વાલદૈન માટે ખૂબ જ ગર્વ લેવાની બાબત છે. તો સાથે તેઓએ એ પણ જોવાની જરૂર છે કે બહેન, દીકરી બુરખો કેવો પહેરે છે અને ઈસ્લામની શરિયત મુજબ બુરખાની પસંદગી કરે છે કે નહિ. જમાનો આજે ખૂબ જ આગળ નીકળી ગયો છે. હિજાબ સાથે યુવતિઓ પ્લેન પણ ઉડાવે છે. ઉચ્ચ અભ્યાસ હાંસિલ કરી અને મોટા હોદ્દા પર નોકરી કરે છે. વિદેશો પણ આજે મુસ્લિમ કન્યાઓ દુનીયાવી શિક્ષણ મેળવી અને પોતાનું નામ રોશન કરે છે તો સાથે ઈસ્લામી તહેઝીબને પોતાનાથી દૂર કર્યા વગર પર્દાનો પણ એટલો જ ખ્યાલ રાખે છે. એ પર્દો ખૂબસૂરતીના પ્રદર્શન માટે નહિ, સિરતે માં ફાતેમાના અનુસરણ માટે હોય તો એ ખરો બુરખો છે.

આ લેખ ખૂબ જ કઠણ મનથી અને થોડી દુઃખ ભાવના સાથે માત્ર અને માત્ર આપણી બિરાદરી બહેન, દીકરીઓની સલામતી, બદનજરથી બચાવ અને દુનિયાના પ્રપંચથી હેમખેમ રાખવાના ઈરાદે લખેલ હોવાથી તેમાં અંશતઃ કડવાશનો ભાગ જરૂર હશે પરંતુ સાથે લેખકને ભારોભાર વિશ્વાસ છે કે જે કોઈપણ આ આર્ટિકલ વાંચશે તે ગંભીરતાપૂર્વક વિચાર કરશે અને ભવિષ્યમાં પોતાના ઘરની માતાઓ, વહુ, બહેન, દીકરીઓ, સૌને એ બાબતનું ધ્યાન રાખવા તાકીદ કરશે.

+91 9820223138

Asif Khatri
Managing Director

Fauz EXPORTS
Manufacturer - Exporter - Importer
(Serving Our Valued Customers Since 1994)
(Government Recognised Two Star Export House)

179, Commercial Chambers,
5th Floor, Office No. 70, Yusuf Meher Ali Road,
Opp. Zakaria Masjid, Mumbai - 400 003. (INDIA)
+91 22 2345 5378 / 2345 5479
: fauzexports@gmail.com
: www.fauzexports.com

# મદની સરકાર (સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ)ની ખિદમતમાં દરૂદ શરીફનું પહોંચવું

રજૂઆતઃ અ.ગફાર એમ. સોનેજી, દુબઈ

*કી મોહમ્મદ (સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ) સે વફા*
*તુને તો હમ તેરે હય,*
*યે જહાં ચીજ હૈ કયા? લોહો કલમ તેરે હય*
(ડૉ. ઈકબાલ)

ઈન્નલ્લાહા વમલાઈક તુહ, યુ સલ્લુના અલન્નબય્યી યા ઐયોહલ્લઝીના આમનુ સલ્લુ અલૈહિ વ સલ્લેમુ તસલીમા..

અલ્લાહુમ્મા સલેઅલા સૈયેદેના વ મૌલાના મોહમ્મદીવ વ અલા આલેહી સૈયેદેના મુહમ્મદીન સાહિબલ હસ્ને વ જમાલ.

હઝરત ઈબ્ને મસઉદ (રદીઅલ્લાહુ અન્હો) ઈરશાદ નકલ ફરમાવતા જણાવે છે કે હુઝુર અનવર (સલલ્લાહુ અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલાના ઘણાં બધા એવા ફરિસ્તાઓ છે જે જમીન પર ફરતા રહે છે અને હુઝુર અકરમ (સલલ્લાહુ અલયહે વસલ્લમ)ની ઉમ્મત તરફથી આપની ખિદમતમાં દરૂદ શરીફને હુઝુરની સમક્ષ પહોંચાડતા રહે છે. માશાઅલ્લાહ.

હઝરત ઈમામ હુસૈન (રદીઅલ્લાહુ અન્હો) હુઝુર પુરનુર (સલલ્લાહુ અલયહે વસલ્લમ)નો ઈર્શાદ નકલ ફરમાવતા જણાવે છે કે હુઝુર (સલલ્લાહુ અલયહે વસલ્લમ) એ એક વખત ફરમાવ્યું કે ''તમે જયાં પણ હોવ મારા પર દરૂદ શરીફ પઢતા રહો, બેશક, તમારૂં દરૂદ શરીફ મારી પાસે પહોંચી જાય છે.''

હઝરત અનસ (રદીઅલ્લાહુ તઆલા અન્હુ) થી હદિષ શરીફ નકલ કરવામાં આવી છે કે રસુલે કરીમ (સલલ્લાહુ અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું કે, ''જે મારા ઉપર દરૂદ શરીફ પઢે છે તે મારા સુધી પહોંચી જાય છે અને હું તેના બદલામાં તેના ઉપર દરૂદ મોકલું છું અને તેના માટે ૧૦ નેકીઓ લખવામાં આવે છે.''

હઝરત અમાર બિન યાસર (રદીઅલ્લાહુ અન્હો)થી હદીષ નકલ કરવામાં આવી છે કે, રસુલે કરીમ (સલલ્લાહુ અલયહે વસલ્લમ) એ ઈર્શાદ ફરમાવ્યું કે ''અલ્લાહ જલ્લેશાનહુ એ એક ફરિસ્તો મારી કબ્ર મુબારક પર મુકરર કરી રાખ્યો છે જેને પૂરી મખલુકની વાતો સાંભળવાની શક્તિ પ્રદાન કરી રાખી છે. બસ, જે વ્યક્તિ મારા ઉપર દરૂદ શરીફ પઢતો રહે છે તે ફરિસ્તો મને તેનું અને તેના બાપનું ના લઈ તે દરૂદ મને ફલાન બિન ફલાનના નામ સાથે પહોંચાડી દે છે.'' સુબ્હાનલ્લાહ!!

બીજી એક હદીષમાં દરૂદ શરીફ પઢનાર અને તેના મા-બાપના નામ સાથે દરૂદ પહોંચાડવાની વાત આવેલી છે.

મિશ્કાત શરીફમાં હઝરત અબુ બરિદા (રદીઅલ્લાહુ અન્હુ)થી હદીષ મુબારક નકલ ફરમાવે છે કે રસુલુલ્લાહ (સલલ્લાહુ અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું કે ''મારા પર દરૂદ પઢયા કરો, એટલા માટે કે તમારૂં દરૂદ મારા સુધી પહોંચી જાય છે.''

હઝરત અલ્લામા સખાવી (રહેમતુલ્લાહિ અલૈહિ) એ કૌલ બદિઅમાં હઝરત સુલૈમાન બિન ચહમ (રદીઅલ્લાહુ અન્હુ)થી નકલ કરેલ છે કે ''મેં ખ્વાબમાં હુઝુર અકદ્દસ (સલલ્લાહુ અલયહે વસલ્લમ)ની ઝીયારત કરી, મેં અરજ કરી કે યા રસુલુલ્લાહ (સલલ્લાહુ અલયહે વસલ્લમ) આ જે લોકો હાજીર થાય છે, આપ સરકાર (સલલ્લાહુ અલયહે વસલ્લમ) પર સલામ કરે છે આપ એમને કઈ રીતે નવાજો છો?'' આકાએ નામદાર (સલલ્લાહુ અલયહે વસલ્લમ) એ ઈર્શાદ ફરમાવ્યું કે ''હાં, હું સાંભળું છું અને તેમના સલામનો જવાબ પણ આપું છું.''

હઝરત ઈબ્રાહિમ બિન સયબાત (રદીઅલ્લાહુ અન્હો) ફરમાવે છે કે, હું હજજથી ફારીગ થઈ મદીના શરીફ ગયો અને રોઝાએ અકદસ (સલલ્લાહુ અલયહે વસલ્લમ)ની પાસે જઈ હુઝરા શરીફ નજીક જઈ સલામ અર્જ કરી, મેં હુઝરા શરીફમાંથી સાફ તૌર પર ''વાઅલેકુમ્મસલામ''ની અવાજ સાંભળી. વલ્લાહ તું જીંદા હે, જીંદા હૈ.

મેરી ચશ્મે આલમ સે છૂપ જાને વાલે, યા રબ્બી સલ્લે વસલ્લિમ દાએમન અબદા, અલા હાબીબેકા ખૈરિલ ખલકે કુલ્લેહિમ.''

અલ્લાહ કી સર, તા-બ-કદમ શાન હૈ યે, ઈનસા નહીં ઈન્શા, વો ઈન્સાન હય યે, કુર્આન તો ઈમાન બતાતા હૈ ઈન્હેં ઈમાન યે કેહતા હય, મેરી જાન હૈ યે (આલા હઝરત રહે.)

રોઝી-રોઝગાર-રીઝક એટલે ફકત પૈસો, માલ-દૌલતજની જે માનસિકતા બંધાઈ ગઈ છે. તેને સમજવા માટે કુર્આન-હદિષના સંદર્ભે ''રીઝક''નું અર્થઘટન નીચેની વસ્તુઓનો પણ ''રીઝક''માં સમાવેશ થાય છે. આપના જ્ઞાનમાં વધારો થશે.

(૧) સૌ પ્રથમ તો ઈમાનની દૌલત
(૨) ઈલ્મ, જહાનત, સમજદારી અને હિકમત

અનુસંધાન પાના નં. ૪ ઉપર...

Dr. Aziz Khatri - Mob. 093224 03733
Mohshin Khatri - Mob. 098674 66346
KHATRI DIAGNOSTIC CENTRE
MUMBAI
FACILITIES OFFERED:
Digital X-Ray, Pathology, Sonography, E.C.G., Color Doppler, E.E.G., Stress Test, 2D Echo, C.T. Scan, MRI, P.F.T., APG

Mohammed Husain Girach
Mob. 96621 95028
Abulhasan Girach
Mob. 90995 59155
EMPIRE CREATION
Mfg. or Exclusive Dress Materials & Bandhani
Wholesaler and Retailers
Main Road, Navagadh (Jetpur)

# નિવૃત્તિ

ફેસબુક વૉલ પરથી સાભાર

હું ૬૨ વર્ષની મહિલા છું.

મારા પતિ એક રીટાયર્ડ ઓફિસર છે. હું એક દિવસ મારા છોકરાના રૂમ પાસેથી જતી હતી ત્યારે મારી વહુ એની મમ્મી સાથે ફોન પર વાત કરતી હતી..

એની મમ્મી એ એની ખબર પૂછી તો કહે, શું બતાવું મમ્મી, આજકાલ તો ઉતરેલી કઢીમાં પણ ઉબાડ આવેલો છે. જયારથી મારા સસરા નિવૃત્ત થયા છે ત્યારથી મારી સાસુ ને સસરા પિકચરના હીરો હીરોઈન હોય એમ રહે છે અને અમારા ઘરના બગીચામાં ઝૂલા ઝૂલે છે, ના એમને એમના સફેદ વાળનો લીહાજ, ના એમના વહુ બેટાની ઉંમરનો લીહાજ. બંને જણા અમારી નકલ કરે છે, એમ બોલીને મને જોઇ ગઈ તો પછી વાત કરૂં એમ કહીને ફોન મૂકી દીધો.

મેં આ બધું સાંભળી લીધું હતું પણ એ મને જોઇને વ્યંગાત્મક હસી મારી સામે જોઇ તો હું પણ હસી અને જતી રહી. પણ મેં સમજદારી રાખીને આ વાતને નજરઅંદાજ કરી અને જતી કરી.

મારો પતિ નિવૃત્ત થયા પછી અમારી દિનચર્યા આવી જ હતી. હું મારા પતિ માટે રોજ સારા સારા કપડા પહેરતી અને મારા પતિ સાથે ઝૂલા પર બેસીને ઝૂલા ઝૂલતી..

આ ઝૂલો અમારા મકાનની બહાર ગાર્ડનમાં બનાવેલ હતો એમાં મૂકયો હતો. મેં મારી જિંદગી છોકરાનું ભવિષ્ય સુધારવામાં વિતાવી દીધી તો મારા પતિની ઈચ્છા હતી કે એક સારૂં મકાન બનાવું અને અમે બનાવ્યું અને બગીચો પણ અમારૂં સપનું હતું. એ બગીચો નહીં પણ મારા સપનાંનો બગીચો હતો એમાં ઘણાં પ્રકારના ફૂલ છોડ હતા.

એટલે અમે બંને જણા આ બગીચામાં બેસીને પોતાના મનને પ્રફુલિત કરતા હતા, આ બગીચો અમારા મનને એટલી શાંતિ આપતો કે કલાકો સુધી બેસ્યા પછી પણ ઉઠવાનું મન નહોતું થતું.

શિયાળામાં આ બગીચામાં લાકડામાં શેકેલાં બટાકા, શકકરિયાં ખાતા. ચોમાસામાં શેકેલા મકાઈના ડોડાનો આનંદ લેતા.

પહેલા તો મારો પતિ નોકરીમાં વ્યસ્ત હોવાને કારણે અહીં બેસી શકતા નહીં તો હું તેમને ઘણીવાર કહેતી મારા માટે તમારી પાસે ટાઈમ જ કયાં છે? તો મારો પતિ હસીને કહેતો હતો કે પાર્ટનર હું નિવૃત્ત થઇ જઇશ તો રોજ આ ઝૂલા પર બેસીશુ અને રોજ સાથે જમીશું, બસ... હમણાં મને નોકરી કરી લેવા દે, છોકરાઓનું ભવિષ્ય સુધારી લેવા દે..

આમ વિચારીને અમે અમારી જિંદગીનું બલિદાન આપ્યું. પણ હવે છોકરો પણ સેટ થઇ ગયો અને છોકરીને પણ સારૂં ઘર મળી ગયું. નિવૃત્તિ પછી ઘરમાં થોડી રોનક લાગવા લાગી. મારા પતિને પણ ઘરમાં રહેવું સારૂં લાગતું હતું. નોકરી કરતા હતા તો ઘરમાં પગ જ ટકતો ન હતો.

પણ મારી વહુ મારા છોકરાને અમારા વિશે આને બાને બોલવાનો કોઇ મોકો છોડતી ન હતી. મારી વહુ એ અમે બગીચામાં ના બેસી શકીએ તે માટે મારા છોકરાને કહીને નવી ગાડી લાવવાનો પ્લાન કર્યો તો મારા છોકરાએ એને કીધું, પાર્કીંગ કયાં કરીશું? તો મારી વહુ એ કીધું, ગાર્ડનની જગ્યા પર જયાં લવ બર્ડ બેસે છે એ જગ્યા પર.. મારી વહુના આ શબ્દો સાંભળી મારો છોકરો ગુસ્સાથી કહે છે કે મોં સંભાળીને બોલ.

તો પણ મારી વહુના કહેવાથી મારા છોકરાએ મારા પતિ જોડે પ્રસ્તાવ મૂકયો કે પિતાજી હું અને તમારી વહુ ગાડી લેવાનો પ્લાન કરીએ છીએ. આ સાંભળીને મારા પતિએ કીધું, બેટા ગાડી તો પહેલેથી જ આપણી પાસે છે પછી કેમ લેવી છે તારે? તેમ છતાં તું લાવે તો એને પાર્કીંગ કયાં કરીશ..?

તો મારો છોકરો કહે અહીં બગીચાને હટાવીને ગેરેજ કરી દઇશું. આમ પણ આ બગીચાની દેખરેખ મારી પત્નીથી થતી નથી અને મમ્મી પણ કયાં સુધી એની દેખરેખ રાખશે અને આ ઝાડ પણ કપાવી નાંખવા જોઇએ કેમકે એના મૂળિયા આપણાં ઘરને કમઝોર કરી નાખશે.

આ સાંભળીને હું તો છાતી પર હાથ મૂકીને બેસી ગઇ. મારા પતિ એ ગુસ્સાને કાબૂમાં રાખી મારા છોકરો કીધું, અમને વિચારવાનો સમય આપ. અમે એકબીજા સાથે વાત કરી તને કહીએ..

આ વાત સાંભળી મારો છોકરો ગુસ્સામાં કહે, શું વાત કરવી છે? આમ પણ આ જગ્યાનો ઉપયોગ પણ શું થાય છે, તમે બંને આખો દિવસ કોઇ સમજયા વગર કોઇની શરમ રાખ્યા વગર સાથે બેસી રહો છો. હવે તમે કંઇ નાના બાળકો છો તો આખો દિવસ ઝૂલા ઝૂલો છો. તમે જરા પણ નથી વિચારતા કે લોકો શું કહેશે, આ ઉંમરે પણ બંને જણા પાસે બેસી રહે છે.


Dr. Aqsa Khatri
M.S. (Gynec), FMAS
RCOG Trainee, London UK
Kutch Women's Hospital
Complete Obstetric & Gynec Care
1st Floor, Paras Apartment, Plot No. 72,
Vijay Nagar, Hospital Road, BHUJ-Kutch
02832-296396 95865 15690
follow us:
dr.aqsa4439
gynec_doctor_aqsa
24 Hrs. Emergency Facility Available

Ahmed Raza +971 6 5350313 +971 55 5983786 www.maplestar.ae Muhammed Akib +971 4 359 3987 +971 58 849 4679
ميبل ستار للكمبيوتر ش.ذ.م.م
MAPLESTAR COMPUTERS L.L.C.
Dubai : Shop No.10, Next to Gateway Hotel, Bur Dubai (UAE) • Sharjah : Shop No.9 &10, Industrial Area No.6, Sharjah (UAE)
IMPORT • EXPORT • BUY • SELL • REPAIRS • SPARES • LAPTOPS • DESKTOPS • MONITORS • AIO • RAM • HDD • SSD

પપ્પા, તમે તમારી ઉંમરના લોકો સાથે બેસવાનું રાખો, મમ્મી સાથે નહીં. તમારી ઉંમરના લોકો સાથે બેસશો તો સારા લાગશો. આવું બોલીને એ એના બેડરૂમમાં જતો રહ્યો અને ત્યાં મારી વહુ પણ બબડવા લાગી.

અમને આજે કડવી સચ્ચાઇનો અનુભવ થયો. મારા છોકરાના મોંઢેથી સાંભળેલી આવી વાતોથી અમારૂં દિલ ભરાઇ આવ્યું. અંદરથી અમે બન્ને તૂટી ગયા.

નિવૃત્તિ થયે થોડો સમય જ થયો હતો અને હમણાં જ અમને એકબીજાને ટાઇમ આપવાનો મોકો મળ્યો હતો, તેથી દિલમાં થોડું સુકુન હતું. આખી જિંદગી છોકરાના ભવિષ્ય સુધારવામાં ગુજરી ગઇ હતી.

મારા છોકરા અને વહુ એ ખાવાનું બહાર હોટલમાંથી મંગાવ્યું પણ મેં તો ખાધું જ નહિ અને હું ઊંઘી ગઇ. ઊંઘ તો મારા પતિને પણ ના આવી અને એ મારી માનસિક સ્થિતિને પણ જાણતા હતા, એ વિચારમાંને વિચારમાં સૂઇ ગયા. પણ જયારે મારા પતિ સવારમાં ઉઠયા તો બિલકુલ શાંત હતા અને ખુશ હતા. એ કિચનમાં ગયા અને જાતે ચા બનાવી, પોતે પીધી અને મારા માટે પણ લેતા આવ્યા. મેં એમને રોતા અવાજમાં કિધું, શું વિચાર્યુ તમે?

તો મારો પતિ કહે, હું બધું ઠીક કરી દઇશ, તું શાંતિ રાખ. હું એટલી ઉદાસ હતી કે એ દિવસ બગીચામાં પાણી છાંટવા પણ ના ગઇ અને કોઇની સાથે વાત પણ ના કરી.

આખો દિવસ બધું નોર્મલ રહ્યું પણ સાંજે જયારે મારો છોકરો ઘરે આવ્યો અને બહાર બોર્ડ જોયું. તો મારો છોકરો ચોંકી ગયો અને એના પિતાને પૂછવા લાગ્યો, પપ્પા ઘર તો મોટું છે પણ આ ઘરની આગળ to let નું બોર્ડ શું કામ લગાવ્યું?

તો મારા પતિ કહે, આવતા મહિને મારા સ્ટાફનો મારો મિત્ર નિવૃત્ત થાય છે અને તે આ ઘરમાં રહેવા આવશે, એમણે બિલકુલ શાંતિથી જવાબ આપ્યો.

આ સાંભળી મારો છોકરો બોલ્યો, પણ પપ્પા એ કયાં રહેશે? તો મારો પતિ કહે તારા રૂમમાં! એમ બિલકુલ શાંતિથી કીધું. મારા છોકરો હલકાતા અવાજે કહે, તો અમે કયાં રહીશું? તો મારો પતિ કહે તમને મેં લાયક બનાવી દીધાં છે કે તમે ખુદનું મકાન લઇ શકો છો અને જયાં સુધી ના મળે ત્યાં સુધી કંપનીના મકાનમાં રહેજો. તમે પોતાની ઉંમરના લોકો સાથે અને અમે અહીં અમારી ઉંમરના લોકો સાથે રહીશું.

તારી મમ્મીની ઉંમર આખી જિંદગી બધાની લિહાજ ભરવામાં જતી રહી. કયારે વડિલોની, કયારેક છોકરાઓની! હવે તું લિહાજની શિખામણ બીજા પાસેથી લેજે. આ સાંભળી મારો છોકરો માથું નમાવીને કહે, પપ્પા મારો આવો મતલબ ન હતો.

મારો પતિ કહે, ના બેટા! તમારી પેઢીએ અમને સબ શીખવાડી દીધો છે. જયારે અમે તને અને વહુને સાથે જોઇને ખુશ થઇએ છીએ તો અમને બંનેને સાથે જોઇને તમે કેમ ખુશ નથી થતા, શું તકલીફ છે તમને??

આ મકાનને ઘર તારી મમ્મીએ બનાવ્યું છે. આ બગીચાના ઝાડ તારા માટે કેટલી મન્નત માંગેલી તેના સાક્ષી છે. તો આ એક બગીચો હટાવવાનો અધિકાર તમને કોણે આપ્યો? હું આ અધિકાર તને કદી નહીં આપું..

મારો છોકરો મારા પતિને કહે, પપ્પા! તમે તો સિરિયસ થઇ ગયા. એના અવાજમાં નરમી આવી ગઇ હતી.

મારો પતિ કહે, ના બેટા! તમારી માં એ કેટલા દુઃખ વેઠીને એની ઇચ્છા ત્યાગ કરીને મને સાથ આપ્યો છે અને આ જ સહયોગના લીધે મારા માથે એક પણ રૂપિયાનું દેવું નથી. એટલે આ બગીચો જ નહિ આખું ઘર તારી મમ્મીનું ૠણી છે. આ ઘર તમારા પહેલાં તારી મમ્મીનું છે. કેમકે પહેલા જીભ આવે છે પછી દાંત! જિંદગી તો અમને પણ એક જ વાર મળી છે એટલે અમે આ જિંદગી અમારા હિસાબથી એન્જોય કરવા માંગીએ છીએ.

શું મારા પતિનો નિર્ણય યોગ્ય છે???

અનુસંધાન પાના નં. ૨ નું ચાલુ...

(૩) તંદુરસ્તી, આફિયત અને સલામતી
(૪) નેક ઇમાનદાર ઔરત (૫) નેક ઇમાનદાર ઔલાદ
(૬) નેક પાડોસી (૭) મુખલીશ મિત્ર
(૮) લોકોની મહોબ્બત-પ્યાર

માટે રીઝકની તંગીની ફરીયાદ કરવા કરતાં હર ક્ષણે અલ્લાહનો શુક્ર અદા કરતા રહેવાથી ઉપર મુજબની હર એક 'રીઝક' પ્રાપ્ત થશે.

રીઝક ઇન્સાનને એવી રીતે શોધે છે જેવી રીતે મોત પામનાર વ્યક્તિને મૌતનો ફરિસ્તો શોધે છે.

''યા બાસેતુલ્લઝી યબ સિતૂર્રિઝકા લૈમંય મશાઓ બે ગૈરે હિસાબ'' રોઝી માટેની દુઆ છે. આગળ-પાછળ દરૂદ શરીફ પઢવાથી દુવા માંગવી ઇન્શાઅલ્લાહ આઠેય પ્રકારની રોઝી વિશાળ પ્રમાણમાં મળશે, ઇન્શાઅલ્લાહ.

CSC HDFC BANK BAJAJ Allianz ICICI Lombard Nibhaye Vaade
Muzakeer Raza Azhari
+91 - 70414 59591
visionconnect@yahoo.com
All Types of Digital eGovernance
Banking & Insurance Service's Provider
Tours & Travels Booking Center
VISION CONNECT
Jetpur - 360 370, GUJ, IN

જુનેદ - મો. ૯૦૬૭૭ ૬૦૨૦૦
અબુભાઇ - મો. ૯૮૨૪૫ ૮૨૪૮૮
ફેમસ પાન & સોડા શોપ
અમારે ત્યાંથી દરેક જાતના ઠંડા પીણા મળશે.
જેલ રોડ, જૂનાગઢ.

Abu Khatri
Mob. 88 66 72 72 88
98245 82488
SAFEKILL
Pest Services
Quality is Our Motto
Near Fast Track Court, Jail Road, Junagadh-362 001.

# FATIMA SHAIKH

Firoz Khan

Every year 9th Jan. is the birth day of Fatima Shaikh.

Who was she?

She was born in 18th century in Maharashtra, India. She was living with her brother Iqbal Shaikh.

Well known social reformer Jyotiba and his wife Savitribai, also a social reformer were living in the same village.

Savitri was imparting education to Dalits meaning "Untouchable" and "women". Brahmins at the time objected to teaching Dalits and Women. They pressured father-in-law of Savitri to remove son and daughter-in-law to from the house. Full too were Brahmins.

Savitri and her husband left the house. They had nowhere to go. All villagers were afraid of Brahman fury and as such none provided them shelter.

Fatima and Savitri were friends. Fatima and her brother Iqbal gave Savitri and her husband a shelter in their own house. Not only this Fatima told Savitri to start a school for women and Dalits in their house. The first ever school for women started in Fatima and Iqbal's house.

Every year Hindu celebrate Savitri's birth day. Many celebrate it as Women Empowerment Day.

How many Muslims know Fatima and her brother? I am sure if this question is asked to one thousand Muslim none will be able to answer.

Information about Fatima Shaikh must be given to every Muslim child attending schools, particularly to girls.

## દિકરી અને વહુ

પ્રિયા રોજ સવારે ઉઠી નાસ્તો કરી ઘરનું બધું જ કામકાજ પતાવીને બપોરની રસોઇ બનાવતી. ત્યારબાદ ફરી ઘરની સફાઇ કરી નાહી ધોઇને ધાર્મિક કાર્યથી પરવારી બપોરે જમીને અડધો કલાક જેટલું આરામ કરતી. ઘરના બીજા સભ્યો કોઇ જ કામમાં હાથ લગાવતા પણ ન હતા. પ્રિયા એકલી બધું જ કરી લેતી. કયારેય કોઇને કહેતી નહીં કે આ કરી આપો કે પેલું કરી આપો. સાંજે બધા સાથે થોડીક વાતચીત કરતી અને ફરી સાંજની રસોઇની તૈયારીમાં લાતી જતી. બધાને જમાડીને રસોડાની સાફ સફાઇ કરી પોતાના ખંડમાં જતી.

એક વખત સાસુ વહુના ઝઘડામાં સાસુએ કહ્યું કે, ‘‘તારા ખંડમાં તું આખો દિવસ આરામ કરતી હોય છે.’’ અને એટલું જ નહિ, એના સાસુ કુટુંબીજનોને પણ ફરિયાદ કરતા રહેતા કે અમને જમવાનું આપતી નથી, અમે અમારી જાતે રસોઇ કરીએ છીએ.

બીજા દિવસે પ્રિયાની નણંદ મોબાઇલ લઇને બેઠી હતી ત્યારે સાસુએ ધાબળો અને તકિયો લઇને આપતા કહ્યું, ‘‘બેટા, થોડીવાર સૂઇ જા, તું થાકી ગઇ હોઇશ.’’

નણંદને સૂતા જોઇ પ્રિયાને પોતાની મા યાદ આવી ગઇ.

– નાઝ જી.

મલ્ટીકલર ઓફસેટ મુદ્રિત ‘‘ટાઇમ્સ ઓફ ખત્રી’’ને સજીવન રાખવા આપના દરેક સુખ, દુઃખના પ્રસંગે ‘ટાઇમ્સ ઓફ ખત્રી’ને હંમેશા યાદ રાખો અને આપનું ડોનેશન તુરંત મોકલશો..

સમાચાર-લેખન-કૃતિઓ મોકલવા માટેઃ E-mail: timesofkhatri@gmail.com

NRP
NEW RAJ PLASTIC
Samir R.
Mob. 92272 13606
Mfg.: All type of Plastic Items and Gas Lighter Parts
3-GOKULNAGAR, RAJKOT - 360 002.

Mob. 88668 38281
88667 37270
Shop No. 1, Nagar Boarding,
Opp. Virani School,
Tagore Marg, Rajkot-360002.
E-mail: sarfaraz_8725@yahoo.com
Bharat fast food

# સવાર એટલે સૃષ્ટિ માટે સ્વર્ગ

ચમકારો
ડૉ. ગની પટેલ

સવાર કેટલો મધૂર શબ્દ છે. જેટલો શબ્દ મધૂર છે એટલી જ મધૂર સવાર પણ હોય છે. જે માણસ સવારને માણે છે એ માણસનો દિવસ ખૂબ જ સફળ જાય છે. એમ કહેવું હોય તો કહી શકાય કે સવાર, સવારમાં ખુદાની રહમત વરસતી હોય છે. સવારના ચાર વાગ્યાથી રાત્રીનો સમય પૂરો થાય છે અને સવારનું આગમન થાય છે. પ્રકૃતિ જાણે આપણાં ઉપર સ્નેહ વરસાવતી હોય એવી સુંદરતા નિખરવા લાગે છે.

જેમ જેમ સવાર નિરખરતી જાય તેમ તેમ આસમાન તેના રંગ બદલતું રહે છે, રાત આખી ટમટમતા તારા ધીરે ધીરે પોતાનો પ્રકાશ ધીમો કરતાં જાય છે. ખૂબ દૂરથી ધીમાં પગલે સૂરજ એક રજવાડી ઠાઠમાઠથી આગમન કરી રહયો હોય એવું જણાય છે. હજુ આસમાન કે જમીન ઉપર સૂર્યના કિરણોનું આગમન દેખાતું નથી પણ ભાસ થવા લાગે છે. આસમાન પુર્વ દિશામાંથી સોનેરી કલર ધારણ કરી રહયું હોય છે. આધુનિક અને મશીનના યુગમાં ઘોંઘાટના સામ્રાજય વચ્ચે કોઇ એકાદ ખૂણેથી માણસને જગાડવા માટે કૂકડાનો મધૂર અવાજ સંવેદનશીલ માણસોના કાને ગૂંજે છે તો ગામની કોઇ દિશાએથી મસ્જિદના મિનારા ઉપરથી અઝાનનો મધૂર અવાજ અને કામ્યાબીનું એલાન થતું હોય એવું લાગે છે તો બીજી તરફથી રામજી મંદિરથી આરતીના સૂર આપણાં કાનને બેદાર કરે છે. ચારેય દિશાઓ જાણે કુદરતના ગુણગાન ગાતી હોય એમ ઠાર, ઝાકળ, ધૂમ્મસ કે મેઘરવાના રૂપે પ્રકૃતિ ઉપર વ્હાલ વરસાવે છે અને આપણી આ ધરતીના શ્રૃંગાર સમાન ઉભેલા વૃક્ષો કુદરતની આ મજાને માણતાં હોય છે, સ્નેહને ઝીલતા હોય છે. ધીમે ધીમે પંખીઓ પોતાના માળા અને બચ્ચાંઓને છોડીને મધૂર કલરવ સાથે પોતાના ખોરાકની શોધમાં નીકળવાની તૈયારી કરે છે.

રાત બધી ખામોશ રહેલી દુનિયા ધીરે ધીરે બેદાર થાય છે ત્યાં સૂરજ પોતાની શાહી સવારી લઇને રાજ દરબારમાં હાજર થાય છે અને પોતાના સોનેરી કિરણો જમીન ઉપર પાથરે છે. પોતાનામાં રહેલી અખૂટ ઉર્જા દુનિયાને મફત આપવાનું શરૂ કરે છે. કોઇ ભાગ્યશાળી લોકો એ કિરણો માંથી વિટામીન ‘ડી’ મેળવે છે. જેના વડે માણસના શરીરમાં કોલેસ્ટ્રોલ મારફતે વિટામીન ડી અને પછી કેલ્શીયમનો સંચાર થાય છે. તો આખા જગત ઉપર ઉગી નીકળેલી વનસ્પતિ તેના મખમલી પાંદ વડે પ્રકાશસંશ્લેષણની ક્રિયા કરી પોતાનો ખોરાક બનાવવાનું શરૂ કરે છે. સૂર્યના કિરણો ઝાકળનાં બિંદુઓ પર પડતાં તે મોતીની જેમ ચમકવા લાગે છે. અબજો જીવ દરીયાના પેટાળમાં રહીને સૂર્યના કિરણોથી પોતાની દિનચર્યા કરે છે.

મતલબ કે સૂર્યના આગમનથી આખી સૃષ્ટિ ધન્યતા પામે છે ત્યારે મોટા ભાગના અને કહેવાતા આધુનિક માણસ સિવાય લગભગ દરેક જીવ કુદરતની આ સવાર રૂપી મહેરને માણે છે, પામે છે અને પોતના જીવનમાં ધન્યતાનો અનુભવ કરે છે. પણ કહેવાતો આ આધુનિક માણસ ખુબ મોડો ઉઠે છે કારણ કે આધુનિક યુગનો આધુનિક માણસ, માણસ મટીને મશીન બની ગયો છે. માટે એ રાત બધી કોઇક પ્રકારની ઝંખના માટે વલખા મારતો રહે છે, જાગતો રહે છે, ભાગતો રહે છે અને જોતજોતામાં રાત પોતાનો સમય પસાર કરી નાખે છે ત્યારે આ મશીનરૂપી માણસ ઊંઘવાની તૈયારી કરે છે. પણ અફસોસ કે જયારે ઊંઘે છે ત્યારે ખુદાની કુદરત સવારનું રૂપ ધારણ કરીને સૃષ્ટિ ઉપર આવી જાય છે. માણસ સુતો રહે છે ને કુદરત પ્રકૃતિ ઉપર સ્નેહ અને રહમત વરસાવીને જતી રહે છે.

આધુનિક માણસ જયારે જાગે છે ત્યારે સૂરજ પોતાનું સ્વરૂપ બદલી ચૂકયો હોય છે. પવન પોતાની કોમળતા ખોઇ ચૂકયો હોય છે. ફૂલોની મધૂરતા ભમરાઓએ માણી લીધી હોય છે. વૃક્ષોના પાંદ ઉપર આવેલા ઝાકળના બિંદુઓ પોતાનો સ્નેહ વરસાવીને અસ્તિત્વ ગૂમાવી બેઠા હોય છે. ઝાકળ, ધૂમ્મસ, ઠાર, મેઘરવો વગેરે કુદરતમાં વિલીન થઇ ગયા હોય છે. અઝાનનો પૈગામ જતો રહયો હોય છે. સૂર્યના કિરણોમાં રહેલું વિટામીન ‘ડી’ ગાયબ થઇ ગયું હોય છે અને આ યુગના આધુનિક મશીનો ફરી ધમધમવા લાગ્યા હોય છે. જેથી પંખીઓના મધૂર કલરવ મશીનના ભયાનક અવાજમાં ખોવાય જાય છે. જયારે નવ વાગે છે ત્યારે એવું લાગે છે કે પ્રકૃતિ ફરી તેનો રંગ બદલી ચૂકી છે. સવારની કોમળતા જતી રહી છે, દુનિયા ફરી દોડધામમાં મશગૂલ થઇ ગઇ છે, ત્યારે આપણો આજનો અને કહેવાતો આધુનિક માણસ જાગે છે. ત્યારે એવું લાગે છે કે જાણે દુનિયા લૂંટાઇ ગઇ છે. આપણે ખુદાની રહમતથી વંચિત રહી ગયા છીએ.

વહેલી સવારનું વાતાવરણ મનને પ્રફુલિત કરનાર, ડિપ્રેશન રોધક અને આરોગ્યવર્ધક હોય છે. કોઇપણ ઋતુની સવાર રમણીય, શીતળ અને સ્ફૂર્તિદાયક હોય છે.

વાહ રે કુદરત તારી સવારને સલામ. તારા ક્રમને સલામ. સવારમાં વરસતી તારી રહમતને સલામ અને જે લોકો વહેલી સવારને માણે છે એની સવારને સલામ અને ઊંઘતા રહે છે એની ઊંઘને સલામ!!!

Since 1945
જૂના અને જાણીતા
માહિર - મો. ૯૯૦૪૧ ૨૦૧૨૫
ફોન : ૦૨૮૫-૨૬૨૩૩૩૮
ખત્રી યાકુબ ઈશાક ચશ્માવાલા
અમારે ત્યાંથી બ્રાન્ડેડ કંપનીના કાચ-ફ્રેમ તથા ગોગલ્સ, લેન્સ ખૂબ જ વ્યાજબી ભાવે મળશે.
સર્કલ ચોક, જૂનાગઢ.

# ૧૯૫૫-૧૯૮૫ માં જન્મેલા માટે થોડી યાદગાર વાતો

❖ આપણે કયારેય રમતી વખતે કે સાયકલ ફેરવતી વખતે કોઈ દિવસ હેલ્મેટ પહેરવી પડી નથી.

❖ શાળાએથી આવ્યા પછી આપણે ટ્યુશન કલાસમાં જવું પડ્યું નથી, પરંતુ આજે તમારા પુત્ર કે પૌત્રીને સ્કૂલ તથા ટ્યુશનમાં મુકવા લેવા જવાની જવાબદારી તમારા ઉપર છે.

❖ શાળાએથી આવ્યા પછી દિવસ આથમ્યા સુધી આપણે શેરીઓમાં રમતા પણ કયારેય પોતાની રૂમ બંધ કરીને ટીવી જોવા બેઠા નથી.

❖ આપણે ફકત આપણાં વાસ્તવિક મિત્રો સાથે જ રમ્યા છીએ પણ ઈન્ટરનેટ મિત્રો સાથે નહિ.

❖ જયારે પણ તરસ લાગી ત્યારે સીધું નળનું જ પાણી પીતા અને ફરી રમવા દોડી જતા.

❖ મિત્રો, ભાઈ બહેનો સાથે એ જ ગ્લાસમાં પાણી કે શરબત પીતા તો પણ કયારેય બિમાર પડયા નથી.

❖ ખોબો ભરીને મિઠાઈ કે વાટકા ભરીને દાળભાત, જાડો રોટલો રોજ જમી જતા તો પણ કયારેય તકલીફ થઈ નથી.

❖ ખુલ્લા પગે બધે રખડતા તો પણ કંઈ થતું નહિ, કાંટા પગથી છેટા રહેતા.

❖ આપણે જાતે જ આપણાં રમકડા બનાવતા અને તેનાથી રમવામાં અનેરો આનંદ માણતા, માટી સાથે આપણને અનેરો નાતો હતો.

❖ આપણાં માતા-પિતા માલદાર ન હતા પણ તેઓ પૈસા કે સંપત્તિ માટે દોડયા નહિ પણ આપણને સાચો પ્રેમ આપ્યો. નહિ કે નિર્જીવ દુન્યવી પદાર્થ.

❖ આપણાં પાસે સેલફોન, ટીવી, ડીવીડી, કોમ્પ્યુટર, ઈન્ટરનેટ ન હતા. થોડાક લોકો પાસે સાયકલ કે રેડિયો હતા. તેમાંથી અદ્‌ભૂત મનોરંજન મેળવતા.

❖ આપણાં મિત્રોના ઘેર ગમે ત્યારે પહોંચી જતા અને સાથે જમતા પણ કયારેય તેમના ઘરે જવા માટે ફોન કરીને

અનુસંધાન પાના નં. ૮ ઉપર

## સમાચાર દર્પણ

### શાદી મુબારક

હાલાઈ મુસ્લિમ ખત્રી ફેડરેશન અને જેતપુર જમાતના પ્રમુખ જનાબ મુસ્તાક હાજી યુસુફ ગિરાચના નેક ફરઝંદ **તૌફીક** ની નિકાહ દમણના રહીશ જનાબ મોહમ્મદ આસીફ ડોરની નેક દુખ્તર **જસ્મીનબાનુ** સાથે તા. ૧-૧-૨૦૨૫ના રોજ કુંડા હોલ ધોરાજી મુકામે જમાત તથા મહેમાનોની હાજરીમાં થયેલ છે. આ ખુશીના પ્રસંગે દુલ્હાના વાલીદ સાહેબ તરફથી જેતપુર જમાઅતને રૂા.૫૦૦૦, ધોરાજી જમાઅતને રૂા. ૨૦૦૦, ફેડરેશનને રૂા. ૨૦૦૦, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૨૦૦૦, હાલાઈ મુસ્લિમ ટ્રસ્ટને રૂા. ૨૦૦૦, અંજુમનને રૂા.૨૦૦૦ બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

પાલઘરના રહીશ જનાબ મો.ફારૂક અ.શકુર ધડાના નેક ફરઝંદ **મો.શકીલ એહમદ** ની નિકાહ પોરબંદરના રહીશ જનાબ જુનૈદ મો.ઉમર પટેલની નેક દુખ્તર **નિકહત બાનુ** સાથે તા. ૨૨-૧૨-૨૦૨૪ના રોજ ખત્રી જમાતખાના પોરબંદર મુકામે જમાત તથા મહેમાનોની હાજરીમાં થયેલ છે. આ ખુશીના પ્રસંગે દુલ્હાના વાલીદ જનાબ ફારૂક અ.શકુર ધડા, પાલઘર તરફથી ફેડરેશનને રૂા. ૭૮૬, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૭૮૬, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૭૮૬, અંજુમન પોરબંદરને રૂા. ૭૮૬, પોરબંદર જમાઅતને રૂા. ૭૮૬, જેતપુર જમાઅતને રૂા. ૭૮૬ તેમજ દુલ્હાના મોટાબાપા ડૉ. અ.ગફાર અ.શકુર ધડા, પાલઘર તરફથી ફેડરેશનને રૂા. ૫૦૦, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૫૦૦, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૫૦૦, અંજુમન પોરબંદરને રૂા. ૫૦૦, પોરબંદર જમાઅતને રૂા. ૫૦૦, જેતપુર જમાઅતને રૂા. ૫૦૦ તેમજ દુલ્હાના કાકા જનાબ મો.રફીક અ.શકુર ધડા, પાલઘર તરફથી અંજુમન પોરબંદરને રૂા. ૫૦૦, દુલ્હાના કાકા મો.હનીફ અ.શકુર ધડા, પાલઘર તરફથી અંજુમન પોરબંદરને રૂા. ૫૦૦, દુલ્હાના ફુઆ જનાબ મો.યુસુફ સુલેમાન ભેડા, લીંબી, મલાવી તરફથી અંજુમન પોરબંદરને રૂા. ૫૦૦, દુલ્હાના ફુઆ જનાબ મો.સલીમ અ.અઝીઝ ગિરાચ, વરસોવા-મુંબઈ તરફથી અંજુમન પોરબંદરને રૂા. ૫૦૦ બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

Dr. A. G. DHADA
M.S. (Ortho)
Consulting Orthopaedic
& Hand Surgeon

Dhada Hospital
Fracture, Accident, Orthopaedic & Surgical Hospital,
Address: Near Raj Talkies, Tembhode Road, Palghar 401 404.
Timing: 10:00 am to 1:00 pm Tel.: 02525 254229 / 251472
City General Hospital
General & Industrial Trauma Centre
Address: Near SBI, Khodaram Baug, Tarapur Road,
Boisar, Dist. Thane, Timing: 4:00 pm to 7:00 pm
Tel.: 02525 267181 Mobile: +91 98231 82340

MUSTAK - +91 9879909192
KADAR - +91 98792 79296
SHAMIYANA DYEING
MANUFACTURERS & PRINTERS OF ALL TEXTILE PRODUCTS
JETPUR-NAVAGADH, GUJARAT (INDIA) - 360 370.
Tel.: +91-2823-224345, Fax: +91-2823-220982, E-mail: shamiyanadyaing@gmail.com

RNI Regd. No. GUJGUJ/2017/76920 Times of Khatri February-2025 Postal Regd. No. Rajkot/707/2024-2026

If undelivered please return to:
ટાઇમ્સ ઓફ ખત્રી
Times of Khatri
Halai Muslim Khatri Trust
Gokulnagar, Street No. 3, B/h. 50 Feet Road,
Kothariya Main Road, RAJKOT-2. Mob. 94272 52547
To,
Posting Dt. 7th of every month at Rajkot RMS

રાજકોટના રહીશ જનાબ યુસુફ અબ્દુલ અઝીઝ કારાતેલાના નેક ફરઝંદ **મોહંમદ શફી** ની નિકાહ જામકલ્યાણપુર (જામનગર)ના રહીશ જનાબ આરીફ માહમદ રવેશિયાની નેક દુખ્તર **આશિયાના** સાથે તા. ૧૬-૦૧-૨૦૨૫ના રોજ જંગલેશ્વર ખાતે જમાઅત તથા મહેમાનોની હાજરીમાં થયેલ છે. આ ખુશીના પ્રસંગે જનાબ યુસુફ અબ્દુલ અઝીઝ કારાતેલા તરફથી રાજકોટ જમાઅતને રૂા. ૫૦૦, અંજુમન પોરબંદરને રૂા. ૨૫૦, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૨૫૦, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૨૫૦ તેમજ દુલ્હાના મોટા પપ્પા અલ્તાફ અબ્દુલ અઝીઝ કારાતેલા તરફથી રાજકોટ જમાઅતને રૂા. ૧૦૦, અંજુમન પોરબંદરને રૂા. ૧૦૦, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૧૦૦, ફેડરેશનને રૂા. ૧૦૦, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૧૦૦ તેમજ દુલ્હન પક્ષ તરફથી આરીફ માહમદ રવેશિયા તરફથી રાજકોટ જમાઅતને રૂા. ૧૧૦૦, અંજુમન પોરબંદરને રૂા. ૫૦, ફેડરેશનને રૂા. ૫૦, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૫૦, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૫૦ તેમજ દુલ્હનના કાકા અબ્દુલરહીમ રવેશિયા, જામ કલ્યાણપુર તરફથી રાજકોટ જમાઅતને રૂા. ૫૦ તથા દુલ્હાના નાના મર્હુમ મહમદ હુસૈન અલીમાહમદ ગિરાચ, ઉપલેટા તરફથી રાજકોટ જમાઅતને રૂા. ૧૦૦, અંજુમન પોરબંદરને રૂા. ૧૦૦, ફેડરેશનને રૂા.૧૦૦, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૧૦૦, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૧૦૦ તથા દુલ્હાના નાની મર્હુમા અમીના મોહંમદ હુસૈન ગિરાચ, ઉપલેટા તરફથી રાજકોટ જમાઅતને રૂા. ૧૦૦, અંજુમન પોરબંદરને રૂા. ૧૦૦, ફેડરેશનને રૂા.૧૦૦, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૧૦૦, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૧૦૦ બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

રાજકોટના રહીશ જનાબ મો.યુસુફ અ.અઝીઝ કારાતેલાના નેક ફરઝંદ **વસીમ** ની શાદી શાપુરના રહીશ જનાબ અ.કાદર દાઉદભાઈ રાજાવાઢાની નેક દુખ્તર **નમીરા** સાથે તા. ૧૫-૦૧-૨૦૨૫ના રોજ જૂનાગઢ જમાઅત તથા મહેમાનોની હાજરીમાં શાપુર મુકામે થયેલ છે. આ ખુશીના પ્રસંગે જનાબ અબ્દુલ અઝીઝ કારાતેલા તરફથી જૂનાગઢ જમાઅતને રૂા. ૨૫૦, અંજુમન પોરબંદરને રૂા. ૨૫૦, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૨૫૦, ફેડરેશનને રૂા. ૨૫૦, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૨૫૦ તેમજ અ.કાદર દાઉદભાઈ રાજાવાઢા દુલ્હન પક્ષ તરફથી જૂનાગઢ જમાઅતને રૂા. ૨૫૦, અંજુમન પોરબંદરને રૂા. ૨૫૦, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૨૫૦, ફેડરેશનને રૂા. ૨૫૦, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૨૫૦ બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

## ખત્મે કુર્આને પાક

છત્તીસગઢ (Sankara)ના રહીશ જનાબ એહમદ હાજી રફીક ગિરાચની પુત્રી અલીના એ ૭ વર્ષની ઉંમરે કુરાન શરીફ ખતમ કરી લીધેલ છે, સુભાનઅલ્લાહ...માશાઅલ્લાહ... આ ખુશીના પ્રસંગે દાદાજાન હાજી રફીક ઓસમાણ ગિરાચ તથા દાદીમા હાજીયાણી જમીલા તરફથી ખાદિમને રૂા. ૫૦૦ અને ટાઇમ્સ ઓફ ખત્રીને રૂા. ૫૦૦ બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

## રૂખ્શતે જહાં

વંથલીના રહીશ તૈયબ જુમ્મા ગિરાચ (પીપલાણાવારા)નો ઈન્તેકાલ તા. ૨૭-૧૨-૨૦૨૪ના રોજ થયેલ છે. ઈન્ના લિલ્લાહે....
અમદાવાદના રહીશ સારાબાઈ દાઉદ ગિરાચ (પોરબંદરવાલા)નો ઈન્તેકાલ તા. ૧૭-૦૧-૨૦૨૫ના રોજ થયેલ છે. ઈન્ના લિલ્લાહે....

અનુસંધાન પાના નં. ૭ નું ચાલુ...

પૂછવું નથી પડયું. મામા, ફઈ, માસીના સંતાનો સાથે વેકેશનમાં ખૂબ મજા આવતી.

❖ સંબંધીઓ ખૂબ નજીક હતા. તેથી આપણાં દિલ ખુશ હતા. કયારેય 'લાઈફ ઈન્સ્યુરન્સ'ની જરૂર નથી પડી.

❖ તે સમયમાં આપણે બ્લેક એન્ડ વ્હાઈટ ફોટામાં હતા પણ આજે તેમાં પણ રંગબેરંગી સ્મૃતિઓ જોઈ શકીએ છીએ. આજે આપણે એટલા એકલા પડી ગયા છીએ કે સેલ્ફી લેવી પડે છે.

❖ ઈશ્વરની મહેરબાનીથી આપણે કેરોસીનના દિવા ફાનસથી લઈ આધુનિક લાઈટ સિસ્ટમ જોઈ, કાચા મકાનથી લઈ આધુનિક સગવડવાળા બંગલામાં રહયા, થીગડા વાળા કપડાથી લઈ આધુનિક સુટ પહેર્યા. સાયકલની સફરથી લઈ પ્લેનની સફર કરી. રેડિયોથી લઈ સ્માર્ટ ટીવીનો ઉપયોગ કર્યો.

❖ આપણે વિશિષ્ટ અને એકબીજાને સમજતી પેઢી હતા. કારણ કે આ છેલ્લી પેઢી હતી કે 'જે માતા-પિતાનું સાંભળતા હતા' અને સૌથી પહેલી પેઢી છીએ કે 'જેમણે દીકરા દીકરી વહુનું સાંભળવું પડે છે' અને 'પ્લીઝ' અને 'સોરી' વારંવાર કહેવું પડે છે.

## આપનું લવાજમ તુરંત કાર્યાલયે જમા કરાવો.

Printed by NAZIR V. SHERASIA and published by SAMIR R. GHUMARA, Secretary of trust on behalf of HALAI MUSLIM KHATRI TRUST and printed at STAR COMPUTER, C-101, POOJA COMPLEX, HARIHAR CHOWK, RAJKOT-1, GUJARAT and published at HALAI MUSLIM KHATRI TRUST, RAJKOT at GOKULNAGAR, STREET NO. 3, B/H. 50 FEET ROAD, KHOTHARIYA MAIN ROAD, RAJKOT. Editor RAFIK ABUBAKAR CHHATBAR.